ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



ગીલ ગર્જ્યો - મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં ભારત - ન્યુઝીલેન્ડ વચ્ચે ઉજી અને અંતિમ ટી-૨૦માં શુભમન ગીલે માત્ર એક છેડો નહિ પણ ૬૩ બોલમાં ૧૨૬ રન કરી ભારતનો જયજયકાર કરી દીધો હતો... શુભમન ગીલ ઓપનીંગમાં ઈસાન કિશન સાથે ઉતર્યો હતો અને ત્યારે ચોગ્ગા અને છગ્ગાની ધુંઆધાર બેટીંગ કરી ભારતના સ્કોરને ૨૩૪ રને પહોંચાડ્યો હતો... ભારતીય ક્રિકેટના ભગવાન ગણાતા સચીન તેંડુલકર પણ મેચમાં હાજર હતા... પ્રેક્ષકો પણ ભારે ઉત્સાહમાં મેચ જોવા સ્ટેડીયમમાં છલકાયા હતા... શુભમન ગીલ ઓપનીંગમાં આવી ૨૦ ઓવરની ઈનીંગ રમી અણનમ ૧૨૬ રન બનાવ્યા હતા.

# શહેરમાં ફરી કોલ્ડવેવ

## ઠંડીનો પારો ૨ ડીગ્રી ગગડયો સવારે સુસવાટા મારતા બર્ફિલા પવનથી નગરજનો ઠુંઠવાયા : બે દિવસથી ઠંડીનુ જોર વધી રહ્યુ છે : મહત્તમ તાપમાન દોઢ ડીગ્રી ઉંચકાયુ : સવારે સુસવાટા મારતા ઠંડા પવનથી ઠંડીની અસર બેવડાઇ : વિદાય લેતા શિયાળે મોસમમાં વારંવાર બદલાવ

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં છેલ્લા એક મહીનાથી કાતિલ ઠંડીનુ મોજુ ફરી



વળ્યુ હતુ જાન્યુઆરી મહીનામાં ઠંડીનો પારો મોટાભાગે સિંગલ ડીઝીટમાં રહ્યો હતો. જયારે છેલ્લા એક સપ્તાહથી ઠંડીનો મિજાજ હળવો થયો છે. ત્યારે બે દિવસથી ઠંડીનો મિજાજ ફરી ઉગ્ર બની રહ્યો છે. આજે લઘુત્તમ તાપમાન ૨ ડીગ્રી ગગડયુ હતુ જયારે સવારથી જ સુસવાટા મારતા બર્ફિલા પવનના લીધે નગરજનોએ આકરી ઠંડી અનુભવી હતી. હવામાન તજજ્ઞોના મતે ફેબ્રુઆરી મહીનામાં વાતાવરણ પલ્ટા વચ્ચે ઠંડીનો પારો પણ ચઢ ઉતર રહેશે જો કે મહીનાના અંતમાં ધીમે ધીમે ગરમીનુ જોર વધશે.

ગાંધીનગરમાં આ વર્ષે શિયાળાની મોસમ દિવસો જતા આકરી બની છે. સિઝનની શરૂઆતમાં ઠંડી અદ્રશ્ય રહી હતી અલબત્ત ગણ્યા ગાંઠયા દિવસોમાં નગરજનોએ શિયાળાની મોસમ ચાલતી હોવાનો અહેસાસ કર્યો હતો. ઠંડીનો મિજાજ પણ હળવો રહેતા નગરજનોએ કાતિલ ઠંડી અનુભવી ન હતી. ડિસેમ્બર મહીનાના અંત સુધી પણ ઠંડીનો પારો માંડ બે ત્રણ વાર સિંગલ ડીઝીટમાં જોવા મળ્યો હતો. અલબત્ત લઘુત્તમ તાપમાન ૮.૭ ડીગ્રીએ એકવાર પહોંચ્યુ હતુ જયારે નવા વર્ષની શરૂઆત સાથે જ ઠંડીનો મિજાજ ઉગ્ર બનતા નગરજનો કાતિલ કોલ્ડવેવમાં ઠુંઠવાયા હતા. લઘુત્તમ તાપમાન ૫ ડીગ્રી સુધી નીચે ગગડતા નગર આખુ કાતિલ ઠંડીની ગિરફતમાં આવી ગયુ હતુ. જયારે જાન્યુઆરી મહીનાની શરૂઆતથી જ નગરજનો આકરી ઠંડીની લપેટમાં આવી ગયા હતા. ગત મહીનામાં ઠંડીનો મિજાજ ઉગ્ર રહેતા મોટાભાગના દિવસોમાં ઠંડીનો પારો ૧૦ ડીગ્રી નીચે રહ્યો હતો. જયારે સતત સુસવાટા મારતા પવનના લીધે ઠંડીનુ જોર બેવડાતા નગરજનોએ ઘરમાં પુરાવાનો વારો આવ્યો હતો. સતત ઠંડીનુ મોજુ ફરી વળતા નગરનુ જનજીવન પણ સુન્ન પડી ગયુ હતુ. આકરી ઠંડીના લીધે જન આરોગ્ય પણ પ્રભાવિત થતા શહેરમાં શરદી તાવ ઉધરસના દર્દીઓની સંખ્યા પણ વધી છે. ત્યારે છેલ્લા ત્રણ ચાર દિવસથી ઠંડીનુ જોર ઘટયુ છે. વાદળિયા વાતાવરણ અને વરસાદી છાંટણા સાથે મોસમમાં બદલાવ આવતા ઠંડીનો પારો પણ સિંગલમાંથી ડબલ ડિઝીટમાં આવી ગયો છે. છેલ્લા કેટલાક સમયથી ઠંડીનુ જોર ઘટયુ છે. જયારે ગઈકાલે પણ ઠંડીનો પારો ૧૪ ડીગ્રીએ રહ્યો હતો પરંતુ આજે અચાનક જ ઠંડીનો પારો ૨ ડીગ્રી નીચે ગગડતા નગરમાં ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. સવારથી જ વાતાવરણમાં ઠંડીની અસર વર્તાતી હતી. સવારે પણ સુસવાટા મારતા બર્ફિલા પવનથી નગરજનો ઠુંઠવાયા હતા. લઘુત્તમ તાપમાન ૧૨ ડીગ્રીએ આવી જતા ઠંડી ફરી એકવાર આકરી બની રહી છે. હવામાન તજજ્ઞોના જણાંવ્યા મુજબ ફેબ્રુઆરી મહીનામાં માવઠાની સાથે ઠંડીનુ જોર સામાન્ય રહેશે. જો કે કોઈક કોઈક દિવસ ઠંડીનો મિજાજ ઉગ્ર રહેશે પરંતુ ફેબ્રુઆરી મહીનાના અંતિમ દિવસોથી ધીમે ધીમે ગરમીનુ જોર વધશે. અલબત્ત થોડા સમય સુધી નગરજનો બેવડીઋતુનો અહેસાસ કરશે. આજે સવારથી જ ઠંડો પવન ફુંકાતા નગરજનો દિવસે પણ ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. વિદાય લેતી શિયાળાની મોસમ ટાણે ઠંડીનો મિજાજ વારંવાર બદલાતો જોવા મળે છે. ઠંડીનો પારો સતત ચઢ ઉતર થયા કરે છે.

# નાગરિક બેંકની ચુંટણી ટોક ઓફ ધ ટાઉન બની

## શહેરના વેપારીઓ, કર્મચારીઓ, આગેવાનો અને સ્થાનિક રાજકીય વર્તુળમાં પણ ચુંટણીલક્ષી મસાલેદાર ચર્ચા : ચુંટણી પ્રક્રીયા સામે સવાલો મંડરાતા અનેક તર્ક વિતર્ક

ગાંધીનગર તા ૧

ગાંધીનગર નાગરિક બેંકની ચુંટણી જાહેર થતા ની સાથે જ ચુંટણી પ્રક્રીયા સવાલી ઘેરાવમાં આવતા નગરમાં આ મામલે ગરમાવો જોવા મળે છે. નાગરિક બેંકની ચુંટણી સ્થાનિક અગ્રણીઓ માટે આમ પણ પ્રતિષ્ઠાનો સવાલ બને છે. ત્યારે ચુંટણીની તારીખ જાહેર થયા બાદ જ ચુંટણી પ્રક્રીયા સામે જ સવાલો મંડરાતા નગરમાં આ બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સની ચુંટણીનો મુદ્દો મસાલેદાર ચર્ચાનો વિષય બન્યો છે. નગરના વેપારીઓ અને રાજકીય વર્તુળમાં ચુંટણીલક્ષી ચર્ચાએ ઠંડીમાં પણ ગરમાવો પકડયો છે. અબ આગે ક્યાં હોગા .. તેની ઉત્તેજના પ્રબળ બની છે.

ગાંધીનગર નાગરિક બેંકની ચુંટણી આગામી તા ૧૨ ફેબ્રુઆરીના રોજ યોજવાની જાહેરાતના અંતે જ ચુંટણીલક્ષી ઉત્તેજનાનો પ્રવર્તી છે. જો કે ચુંટણી પ્રક્રીયાને અનુલક્ષી અનેક સવાલો મંડરાયા છે. જયારે બેંકમાં છેલ્લા આઠ વર્ષથી વધુ સમયથી બોર્ડ ડિરેકેટર્સનુ પદ સંભાળતા હોદેદારોને રીઝર્વ બેંકના કાયદા મુજબ ચુંટણીમાં ઉમેદવારી ન કરવા દેવા માટે પણ રજુઆત કરવામાં આવી છે. આ મામલે બેંકના સભાસદોની મતદાર યાદી , આઠ વર્ષથી વધુ સમયથી બોર્ડ ઓફ ડિરેકટર્સનુ પદ સંભાળતા હોદેદારો કાયદા મુજબ ઉમેદવારી ન કરી શકે સહીતના મુદ્દે ન્યાયી રાહે લડત આપવા માટે પણ અરજી થઈ છે. તા ૨ ફેબ્રુઆરીના રોજ આ મામલે આગળ કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. આવા સંજોગોમાં ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યુ તે પુર્વેથી રસપ્રદ મનાતી નાગરિક બેંકની ચુંટણી ટાંણે અનેક સવાલો મંડરાતા નગરના સહકારી ક્ષેત્રના અને રાજકીય આગેવાનોની મીટ પણ બેંકની ચુંટણી તરફ મંડરાઈ છે. ગાંધીનગર નાગરિક બેંકમાં વર્ષોથી બોર્ડ ઓફ ડિરેકટર્સમાં સામેલ હોદેદારો પૈકી નગરના બે અગ્રણીઓનુ અવસાન થયુ છે. જયારે હાલ પુરતી ચુંટણીલક્ષી કામગીરી કરવા માટ પણ વચગાળાનો મનાઈ હુકમ આપવામાં આવ્યો છે. આવા સંજોગોમાં ચુંટણી લક્ષી આયોજનને અનુલક્ષીને પણ ઈન્તેજારી પ્રબળ બની છે. ત્યારે ગાંધીનગર નાગરિક બેંકની

● અનુસંધાન પાન-૭ પર

# વિશ્વબેંકની ટીમે રાયપુર અને વડોદરાના હેલ્થ વેલનેસ સેન્ટરની મુલાકાત લીધી



ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરોની સુવિધાઓ અને અપાતી સેવાઓના અભ્યાસ માટે આજે વિશ્વબેંકની ટીમ બે દિવસના પ્રવાસે આવી પહોંચી છે.

વિશ્વબેંકની ટીમે આજે વડોદરા અને રાયપુર હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરોની મુલાકાત લીધી હતી.

ગુજરાતમાં આરોગ્ય વિભાગ દ્વારા ''શ્રેષ્ઠ ગુજરાત'' પ્રોજેક્ટ વિશ્વબેંકના સહયોગથી આરંભ્યો છે. જિલ્લામાં હાલ ૧૮૨ જેટલા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો કાર્યરત છે.

આ કેન્દ્રોમાં યોગાભ્યાસ પણ કરાવવામાં આવી રહ્યો છે. હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરોના સુદઢીકરણની સાથે આરોગ્ય સેવાઓના સઘનીકરણ અને લોકો નિરામય જીવન વિતાવે તે હેતુઓ સાથે શ્રેષ્ઠ ગુજરાત પ્રોજેક્ટની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે વિશ્વબેંકની ટીમમાં ત્રણ જેટલા અધિકારીઓ છે. તેઓએ આ વિઝીટ દરમ્યાન મેડીકલ ઓફિસર સાથે ચર્ચા કરી જરૂરી જાણકારી મેળવી હતી. ટીમે આજે વડોદરા અને રાયપુર કેન્દ્રોની મુલાકાત લીધી હતી. કાલે પણ જિલ્લાના બીજા સેન્ટરોની મુલાકાત લેશે તેમ મનાય છે.

# ઈલેક્ટ્રીક બસમાં મુસાફર પાસ માન્ય ન રખાતા મુસાફરોમાં આક્રોશ

## સરખેજ રૂટની બસમાં ટ્રાફિક વધુ : સરગાસણ, કુડાસણથી સરખેજ જતા મુસાફરોને સલામત સવારી નસીબ થતી નથી : ઈલેક્ટ્રીક બસમાં મુસાફર પાસ ચાલતો નથી

ગાંધીનગર તા ૧

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાઓના અભાવથી અપડાઉનકર્તાઓ ડગલે ને પગલે હાલાકી વેઠી રહ્યા છે. જયારે સરખેજ રૂટની બસને અનુલક્ષી હજુ પણ સરગાસણ કુડાસણ સહીતના વિસ્તારમાં મુસાફરોએ વલખા મારવા પડે છે. સરખેજ રૂટની બસ સેવાના રૂટ વધારવા પણ માંગ ઉઠવા પામી છે. જયારે એસ ટી ડેપો કક્ષાએથી શરૂ કરવામાં આવેલી ઈલેક્ટ્રીક બસ સેવામાં પણ મુસાફરોનો ટ્રાફિક વિશેષ જોવા મળી રહ્યો છે. આવા સંજોગોમાં ઈલેક્ટ્રીક બસમાં મુસાફર પાસ માન્ય ન રાખવામાં આવતો હોવાનો રોષ પણ અપડાઉન કર્તાઓમાં પ્રબળ બન્યો છે. આ મામલે અપડાઉન કર્તાઓએ રજુઆત પણ કરી છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં છેલ્લા ઘણાં સમયથી સરખેજ રૂટની બસોમાં વિશેષ ટ્રાફિક જોવા મળે છે. સરખેજ તરફ જવા માટે અપડાઉન કર્તાઓનો ટ્રાફિર વધુ હોવા છતા આ રૂટમાં જરૂરી બસ સેવા ઉપલબ્ધ ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. છેલ્લા એક દાયકાના અંતે પણ ગાંધીનગર ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના સાકાર થઈ નથી. જેના લીધે મુસાફરોને પણ યોગ્ય સુવિધા મળતી નથી. ગાંધીનગર સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધી રહ્યુ છે. આમછતા નગરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ડેપોની હાલત છેવાડાના ગામમાં સ્થિત બસ સ્ટેન્ડ જેવી છે. ડેપો સંકુલમાં આવતા મુસાફરોના ખિસ્સા પણ રોજબરોજ કપાય છે. પીક પોકેટીંગના લીધે મુસાફરોમાં પણ ભય પ્રવર્તયો છે. આવા સંજોગોમાં ડેપો સંકુલમાં પોલીસ ચોકી કાર્યરત કરવા માટે પણ કોઈ નિર્ણય લેવાયો નથી. બીજીતરફ સલામત સવારી હજુ શહેર આસપાસના ગામો સુધી પહોંચતી ન હોવાનો રોષ પણ સમયાંતરે ઉઠતો રહે છે. ડેપો સંકુલમાં છેલ્લા કેટલાક સમયથી ઈલેક્ટ્રીક બસો દોડતી થઈ છે. એ સી અને પ્રદુષણ મુક્ત એસ ટી બસ સેવાનો મુસાફરો મોટી સંખ્યામાં લાભ લે છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી પાસ યોજના અંતર્ગત અપડાઉન કર્તા મુસાફરોને એસ ટી ની ઈલેક્ટ્રીક બસ સેવામાં પાસ આધારિત મુસાફરી કરવા દેવામાં આવતી નથી. મુસાફર યોજનાનો પાસ ઈલેક્ટ્રીક બસમાં અમાન્ય હોવાનુ જણાંવતા મુસાફરોમાં પણ રોષ પ્રવર્તયો છે. હાલ ગાંધીનગર સરખેજ વચ્ચેના રૂટમાં પણ ઈલેક્ટ્રીક બસો દોડતી જોવા મળે છે. જયારે ઈલેક્ટ્રીક બસોમાં ટ્રાફિક પણ વધુ હોય છે. આવા સંજોગોમાં સરગાસણ, કુડાસણ

● અનુસંધાન પાન-૭ પર

# જાહેર નિવિદા

કોર્પોરેશન પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ અંતર્ગત નીચે જણાવેલ સ્ટાફની જગ્યાઓ તદન હંગામી ધોરણે ૧૧ માસ કરાર આધારિત ભરવા તથા તેની પ્રતિક્ષાયાદી બનાવવા સદરહુ જાહેરાત આપવામાં આવેલ છે. માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૩૦/૦૧/૨૦૨૩ થી તા.૦૬/૦૨/૨૦૨૩ સુધીમાં સાંજના ૦૬:૦૦ કલાક સુધી આરોગ્યસાથી સોફ્ટવેરની લિંક https://arogyasathi.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

ઉપરોક્ત પોસ્ટ માટેની જરૂરી લાયકાત ઉંમર અંગેની સ્પષ્ટતા ઉચ્ચક માસિક વેતન તથા અનુભવ અંગેની સ્પષ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | જગ્યાનું નામ | કુલ જગ્યા | શૈક્ષણિક લાયકાત અને અનુભવ |
|---|---|---|---|
| ૧ | પ્રોગ્રામ આસિસ્ટન્ટ (RCH) પગાર રૂ.૧૩,૦૦૦/- | ૦૧ | ૧. ગ્રેજયુએટની ડીગ્રી<br>૨. Diploma/Certificate in Computer Application<br>૩. M.S. ઓફિસનું સંપૂર્ણ જ્ઞાન તેમજ ૩ થી ૫ વર્ષનો અનુભવ)<br>૪. ૪૦ વર્ષથી વધુ ઉંમર ન હોવી જાઈએ. |
| ૨ | એકાઉન્ટન્ટ કમ ઓપરેટર પગાર રૂ.૧૩,૦૦૦/- | ૦૧ | ૧. માન્ય યુનિવર્સીટીના કોમર્સ (B.com) સ્નાતક સાથે કોમ્પ્યુટરની બેઝિક<br>૨. એપ્લીકેશનના ડીપ્લોમા/ સર્ટીફીકેટ કોમ્પ્યુટરમાં MS Office, MS Word (વર્ડ પ્રોસેસીંગની સારી જાણકારી) MS Excel અને MS Access (ડેટા એનાલીસીસ અને ગ્રાફ અને ચાર્ટ બનાવવાની જાણકારી)<br>૩. MS Powerpoint (કંટ્રોલીંગ ઓફીસરને માહિતીને સારી રીતે પ્રેઝન્ટેશન સ્વરૂપમાં દર્શાવવાની જાણકારી)<br>૪. ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ઝડપી કોમ્પ્યુટર ટાઈપીંગ અને અંગ્રેજીમાં કામ કરવા માટેની સંપુર્ણ જાણકારી<br>૫. એકાઉન્ટીંગ ટેલી સોફ્ટવેરનો સર્ટીફીકેટ હોવો જરૂરી છે.<br>૬. ઓછામાં ઓછો ૧ વર્ષનો અનુભવ<br>૭. ૪૦ વર્ષથી વધુ ઉંમર ન હોવી જાઈએ. |

**શરતો અને નિયમો :**

આ જગ્યાઓ ફક્ત ૧૧ માસ કરાર આધારિત છે. ૧૧ માસ બાદ કરાર આધારિત જગ્યાઓનો આપોઆપ અંત આવશે. કાયમી નોકરી માટેનો હક્કદાવો કરી શકશે નહી. નિમણુક પામેલ ઉમેદવારોની અન્ય જિલ્લામાં બદલી થઈ શકશે નહી. ઉમેદવારની ફક્ત ઓનલાઈન લિંક https://arogyasathi.gujarat.gov.in પર મળેલ અરજીઓ જ સ્વીકારવામાં આવશે. આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ/ ટપાલ/ કુરીયરથી મળેલ કે અધૂરી વિગતો વાળી અરજી અમાન્ય ગણાશે. જાહેરાતમાં દર્શાવેલ લાયકાત મુજબના તમામ સાધનિક કાગળો અપલોડ કરવાના રહેશે. અધૂરી માહિતી કે ક્ષતીવાળી અરજીઓ માન્ય ગણવામાં આવશે નહી. સુવાચ્ય અસલ પ્રમાણપત્રની ફોટોકોપી સોફ્ટવેરમાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે. રસ ધરાવતાં ઉમેદવારોએ તા.૩૦/૦૧/૨૦૨૩ થી તા.૦૬/૦૨/૨૦૨૩ સાંજે ૦૬:૦૦ કલાક સુધી ઉપર જણાવેલ લીંકમાં અરજી કરવાની રહેશે. વય મર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ વયમર્યાદાની ગણતરી કરવામાં આવશે. એટલે કે તમામ ઉમેદવારોના કિસ્સામાં વય મર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ તા.૦૬/૦૨/૨૦૨૩ની સ્થિતીને ધ્યાને લેવામાં આવશે. પસંદગી અંગેની તેમજ ઈન્ટરવ્યુ અંગેની તમામ સતા નીચે સહી કરનાર અધિકારીશ્રીને અબાધીત રહેશે.

**મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ**
**ગાંધીનગર મહાનગરપાલીકા**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ અંતર્ગત ૯૫ ટકા ખેડૂતોનું ઈ-કેવાયસી મેળવી લેવાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ માટે હજુ નવ હજાર જેટલા ખેડૂતોના ઈ.કેવાયસી મેળવવા તંત્ર દ્વારા પ્રયાસો ચાલુ રાખવામાં આવ્યા છે. ૯૫ ટકા ખેડૂતોને તંત્ર દ્વારા આવરી લઈ ઈ.કેવાયસી પૂર્ણ કરવામાં આવેલ છે.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો ૧૩મો હપ્તો ચુકવવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧,૦૮,૪૨૯ જેટલા ખેડૂતોના ઈ.કેવાયસી કરી દેવામાં આવી છે.

જિલ્લામાં ઈ.કેવાયસી મેળવવા માટે ગામવાર કેમ્પો, કર્મયોગીઓને ઘરે મોકલી અને આ કામગીરી કરવામાં આવી હતી. જો કે હજુ નવ હજાર જેટલા ખેડૂતોની ઈ.કેવાયસી માટે તંત્રએ હવે તેની કામગીરી માટેનો અલાયદો રોડમેપ પણ તૈયાર કરી દીધો છે.

ખેડૂતો દ્વારા ઈ.કેવાયસી માટે સહકાર મળે તે માટે તંત્રએ હવે ખેડૂતોના તાલિમ કેમ્પો યોજાય તેમાં પણ આ માટે સૂચના આપવામાં આવી રહી છે. પંચાયતના અધિકારીઓનો પણ સહયોગ મેળવી તેઓ ખેડૂતો સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે.

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી ઓનલાઈન ફ્રોડના વધી રહેલા કેસોને પગલે ખેડૂતો આધારકાર્ડ કે અન્ય પુરાવાઓ

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com